સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગરના મકાન બાંધકામ
માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.
નવી બાબત: ૨૦૧૪-૧૫.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૪/ન.બા.૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૯/૦૧/૨૦૧૪નો પત્ર નં:- આવિ/છતલ/૧/૧૬૬૦/૨૦૧૩-૧૪/૨૩૪ થી ૨૩૫.

(૨) કલેક્ટરશ્રી, ગાંધીનગરનો તા.૧૮/૦૧/૨૦૧૪નો હુકમ નં.સીબી/જમીન/વશી. ૧૬૩૨ થી ૧૬૪૩/૨૦૧૪.

## ઠરાવ:-

ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી સરકારી કુમાર છાત્રાલય માટે ગાંધીનગર ખાતે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના કલેક્ટરશ્રી, ગાંધીનગરના હુકમથી જમીનની ફાળવણી થતા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના કમિશનરશ્રીના પત્રથી ગાંધીનગર ખાતે સરકારી કુમાર છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ.૪૫૫.૦૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ગાંધીનગર ખાતે સરકારી કુમાર છાત્રાલયના મકાન બાંધકામ માટે રૂ.૪૫૫.૦૦ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતો:-

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) આ દરખાસ્ત અંગે વિધાનસભાની મંજૂરી મળ્યા બાદ વહીવટી મંજૂરી અંગે જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(3) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. (S.O.R) મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૧) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૩) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્માંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૫) કલેક્ટરશ્રી, ગાંધીનગરના તા.૧૮/૦૧/૨૦૧૪ના હુકમથી ૬,૩૬૯ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. આ છાત્રાલયના બાંધકામ માટે ૫,૮૫૦ ચો.મી. જમીનની જરૂરીયાત હોવાની વિગત કમિશનરશ્રી (આ.વિ.) એ રજૂ કરેલ છે તેથી બાકીની જમીનની જરૂરીયાત ન હોય તો અન્ય વિકાસની કામગીરી માટે વિભાગ પાસે રાખવા અથવા કલેક્ટરશ્રી, ગાંધીનગરને પરત સોંપીને આ અંગેની જાણ કરવાની રહેશે.

(૧૬) સને ૨૦૧૨-૧૩ના S.O.R. મુજબ ચો.મી. દીઠ રૂ.૨૪,૦૦૦/- ની મર્યાદામાં ખર્ચ કરવાની તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્માંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭, શિક્ષણ, પેટા સદર -૦૨ બીસીકે - ૧૭૩ સરકારી કુમાર છાત્રાલયના મકાન બાંધકામ હેઠળ થયેલ સને ૨૦૧૪-૧૫ની જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૩/૦૫/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર. તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કલેક્ટરશ્રી, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

તકેદારી અધિકારીશ્રી, (આ.વિ.), બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.